## ગુજરાતનો મહાસંગ્રામ 2012

# પ્રથમ તબક્કામાં ઐતિહાસિક ૬૮ ટકા મતદાન



### વધુ મતદાન થતાં ભાજપ-કોંગ્રેસે જીતના દાવા : ૨૦મીએ મતગણતરી બાદ સસ્પેન્સનો અંત : કેટલીક બેઠકો પર રેકર્ડ મતદાન : શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ

## ઉંચા મતદાન બદલ ભાજપે મતદારોનો આભાર માન્યો

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારમન, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોત્તમ રૂપાલા, પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ તથા પ્રદેશ કોષાધ્યક્ષ સુરેન્દ્ર પટેલ વગેરે નેતાઓએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતની ૮૭ બેઠકો પર થયેલા ભારે મતદાન બદલ મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે.

ભાજપના આ આગેવાનોએ શાંતિપૂર્ણ મતદાન કરી લોકશાહીને મજબૂતાઇ બક્ષવા બદલ મતદારોની સરાહના કરતા વધુમાં જણાવ્યું હતું કે, પરસોત્તમ રૂપાલા ગુજરાતને અન્યાય કરતી કેન્દ્ર સરકારની નીતિ સામે, અસહ્ય મોંઘવારી વધારના કોંગ્રેસ સામે, ભ્રષ્ટાચારનો ભોરિંગ સર્જી રાષ્ટ્રની પ્રતિષ્ઠાને ડૂબાડનાર કોંગ્રેસ સામે કચકચાવીને આક્રોશ સાથે ગુજરાતવાસીઓએ મતદાન કર્યું છે. અને જુઠ્ઠાણાઓને ખુલ્લા પાડ્યા છે. ગુજરાતની રાજનીતિને કલૂષિત કરવા મેદાને પડેલા સ્વાર્થી, વિકાસ નહીં પરંતુ સત્તાલક્ષી તત્વોને આજના મતદાને તમાચો માર્યો છે. અને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થઇ રહેલી સર્વાંગી વિકાસલક્ષી નીતિને સમર્થન આપ્યું છે. આ પરંપરા ૧૭ ડિસેમ્બરના રોજ જાળવવા પણ આ આગેવાનોએ ગુજરાતના પ્રજાજનોને અનુરોધ કર્યો છે.

## સત્તા પરિવર્તન માટે પરિવર્તનને સમર્થન

ગુજરાત પરિવર્તન પાર્ટીના સુપ્રિમો કેશુભાઇ પટેલ આજે જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાએ સત્તા પરિવર્તન માટે પરિવર્તન પાર્ટીને સમર્થન આપવા અંગેની સાબિતી આજે આપી દીધી છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અપેક્ષિત કરતાં વધુ થયેલા મતદાનને પગલે અન્ય પ્રચલિત પક્ષોની જેમ ગુજરાત પરિવર્તન પાર્ટીના સુપ્રિમો કેશુભાઇ પટેલ પણ આનંદિત જણાતા હતા. આ વિસ્તારોમાં ઉત્સાહપૂર્વક થયેલું મતદાન એ ગુજરાત પરિવર્તન પાર્ટીના પક્ષમાં થયું છે એવો સંકેત એમણે આપ્યો હતો.

ગુજરાત રાજ્યની જનતા હવે પરિવર્તન ઝંખે છે અને એનો અણસાર એણે આપી દીધો છે. રાજ્યમાં બીજા તબક્કાની ચૂંટણીમાં પણ જનતા આવી જ રીતે મોટી સંખ્યામાં મતદાન કરશે અને આ કારણે પરિવર્તન પાર્ટીનો જ્વલંત વિજય થશે એ દિવસ હવે દૂર નથી. આગામી ૨૦ તારીખે પરિવર્તન પાર્ટીના વિજયના સમાચાર ગુજરાતને મળી જશે અને ગુજરાતને અન્યાય કરનારાં પરિબળોને જડબાતોડ જવાબ મળી જશે એવો સંકેત તેમણે આપ્યો હતો.

## મતદારોએ ભારે મતદાન કરી ભાજપ સામે રોષ પ્રગટ કર્યો

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિ, ગુજરાત પ્રદેશ ચૂંટણી પ્રચાર અભિયાન સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૧૨ના પ્રથમ તબક્કાના ૮૭ વિધાનસભા મતવિસ્તારમાં થયેલ મતદાનમાં ગુજરાતના મતદાતાઓએ કરેલ અભૂતપૂર્વ મતદાન દ્વારા લોકશાહીમાં વ્યક્ત કરેલા વિશ્વાસ બદલ મતદાતાઓનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા. કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે, આ ભારે મતદાન એ ગુજરાતની શિક્ષિત, સંસ્કારી અને શાલિનતામાં માનનાર પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના શાસનના વિરુદ્ધમાં મતદાન કર્યું છે અને કોંગ્રેસના ઉમેદવારોની તરફેણમાં મતદાન કર્યું છે. આ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયેલો ભ્રષ્ટાચાર, સામાન્ય અને મધ્યમ વર્ગને અન્યાય કરીને નીતિ સામે ગુજરાતના મતદાતાઓએ આજના પ્રથમ તબક્કાના મતદાનમાં ભારે રોષ વ્યક્ત કર્યો છે. ગુજરાતની જનતાએ કોંગ્રેસના ગુજરાત પ્રજા વિકાસ દર્શન ૨૦૧૨ના ૧૨ મુદ્દાઓ જે તમામ વર્ગોને ધ્યાનમાં લઇને તેમની મુશ્કેલીઓ નિવારી તેમને સન્માનજનક સ્થિતિ પ્રદાન કરનારા છે તેમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

અમદાવાદ, તા. ૧૩

ગુજરાત વિધાનસભાની આજે પ્રથમ તબક્કાની ચૂંટણીમાં સરેરાશ ૬૮થી ૭૦ ટકા શાંતિપૂર્ણ મતદાન થયુ હતુ. કેટલીક બેઠકો પર ૭૦ ટકાથી પણ વધારે મતદાન થયુ હતુ. ઉંચા મતદાનના કારણે કોંગ્રેસ અને ભાજપ સહિતના રાજકીય પક્ષોમાં ઉત્સુકતા વધી ગઈ છે. આજે પ્રથમ તબક્કામાં મતદાનની સાથે જ ૮૭ બેઠકો પર ૮૪૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે ૨૦મી ડિસેમ્બરના દિવસે મતગણતરીના દિવસે સસ્પેન્સનો અંત આવશે. કેટલીક બેઠકો પર રેકોર્ડ મતદાન થયુ હતુ. આ વખતે વધુ મતદાન થાય તે માટે શરૂઆતથી જ પ્રયાસો થયા હતા. ભાજપ અને કોંગ્રેસ બંનેએ ઉંચા મતદાન બાદ જીતના દાવા કર્યા હતા. પ્રથમ તબક્કાના મતદાનની સાથે જ ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, ભાજપના આરસી ફળદુ, કોંગ્રેસના અર્જુન મોઢવાડિયા, કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ સહિતના ઘણાના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. તમામ મતદાન મથકો પર અનિચ્છિનીય બનાવને ટાળવા સઘન સુરક્ષા વ્યવસ્થા સવારથી જ ગોઠવવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોની ચૂંટણી આજે શાંતિપૂર્ણ રીતે યોજાઇ હતી. જે વિસ્તારોની ચૂંટણી યોજાઇ હતી જેમાં અમદાવાદ જિલ્લાની ચાર બેઠકો તથા સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાની મળી કુલ ૮૭ બેઠકોનો સમાવેશ થાય છે. આજે સવારે ૮ વાગ્યે મતદાનનો પ્રારંભ થતાં જ મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારથી તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી લાઇનો જોવા મળી હતી. ચૂંટણી પંચના રિટર્નીંગ અધિકારીઓ પણ વધુને વધુ મતદાન થાય તે માટે કેટલાક પ્રયાસો કરતાં જોવા મળ્યા હતા. કેટલાક સ્થળોએ ઈવીએમમાં ટેકનીકલ ક્ષતિઓ સર્જાયાની પણ ફરિયાદો મળી હતી. જેમાં અમદાવાદ જિલ્લાની સાણંદની બેઠક ઉપર જ વિરમગામની બેઠક પર ત્રણ, ધોળકાની બેઠક ઉપર ૪ અને ધંધુકાની બેઠક ઉપર બે મળી કુલ ૧૩ જેટલાં ઈવીએમ મશીનોમાં સવારે રાજકીય પક્ષોના ઉમેદવારોની હાજરીમાં ચકાસણી કરતાં ક્ષતિઓ જેવા મળતા તમામ ઈવીએમ બદલવામાં આવ્યા હતા. આજે ચૂંટણી દરમિયાન પોલીસ અને એસઆરપીનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કેટલાક વિસ્તારોમાં મતદાન વધુ થતાં રાજકીય પક્ષો પોતપોતાની રીતે ગણતરીઓ માંડી રહ્યા છે. ગોંડલની બેઠક પર તો બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૬ ટકા મતદાન થયું હતું. જ્યારે ભાવનગર જિલ્લામાં પણ બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૦ ટકાથી વધુ મતદાન થયું હતું. ૮૭ બેઠકોની ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં મતદાન વધુ થયું છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં મતદાન ઓછું થયું છે. જ્યાં વધુ મતદાન થયું છે ત્યાં કોંગ્રેસ એવું માની રહી છે કે સરકારના વિરોધમાં મતદારો મોટી સંખ્યામાં મતદાન કરવા માટે બહાર આવ્યા છે જ્યારે ભાજપ જ્યાં વધુ મતદાન થયું છે ત્યાં પોતાની જીત નિશ્ચિત માની રહ્યું છે. કોણ જીતશે કે કોણ હારશે તે તો ૨૦મી ડિસેમ્બર પરિણમા આવશે ત્યારે જ ખબર પડશે. ગુજરાત પરિવર્તન પાર્ટી પણ અડધો ડઝન બેઠકો ચોક્કસ જીતશે જ એમ માની રહી છે.

અગાઉ આજે સવારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે સવારે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન શરૂ થયું હતું. શરૂઆતના કલાકોમાં જ ઘણી જગ્યાએ ઊંચું મતદાન નોંધાયું હતું. ઊંચા મતદાનની ખાતરી કરવા આ વખતે ચૂંટણી પંચ અને અન્યો દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી હતી જેના લીધા આજે ઊંચું મતદાન જોવા મળ્યુ હતુ. સવારથી જ જુદા જુદા વિસ્તારોમાં મતદાન મથકો ખાતે લાંબી લાઈનો જોવા મળી હતી. સઘન સુરક્ષા વ્યવસ્થા પણ પહેલાંથી જ ગોઠવી દેવામાં આવી હતી. અર્ધલશ્કરીદળના જવાનો, સ્થાનિક પોલીસ જવાનો ફરજ બજાવી રહ્યા છે. ચૂંટણીના કારણે આજે જાહેર રજા પણ રાખવામાં આવી હતી. મતદાન સવારે આઠ વાગ્યે શરૂ થયું હતું અને સાંજે પાંચ વાગ્યા સુધી ચાલ્યુ હતુ. ઘણી જગ્યાએ ઈવીએમમાં ખામી સર્જાઈ હતી પરંતુ તકલીફોને દૂર કરી લેવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ભાજપના ૪૦ ધારાસભ્યો સહિત કુલ ૮૭ ઉમેદવારો, કોંગ્રેસના પણ ૧૮ ધારાસભ્યો, તથા ત્રણ સાંસદો સહિત ૮૪ ઉમેદવાર, ગુજરાત પરિવર્તન પાર્ટીના ૮૩, બહુજન સમાજ પાર્ટીના ૭૯ તથા જુદી જુદી પાર્ટીઓના ઉમેદવારો ઉપરાંત ૩૮૩ અપક્ષ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળધુ, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ કેશુભાઇ પટેલ સહિત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ શક્તિસિંહ ગોહિલ, કોંગ્રેસના સાંસદ કુંવરજી બાવળીયા, વિઠ્ઠલભાઇ રાદડીયા તથા સોમાભાઇ પટેલના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ ચરણની આ ચૂંટણીમાં ૯૫.૭૫ લાખ પુરુષ મતદારો તથા ૮૬ લાખ મહિલા મતદારો હતા.

### તાપી જિલ્લામાં સૌથી વધુ ૭૬ ટકા મતદાન

## ક્યાં કેટલું મતદાન નોંધાયું

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાંઆજે ૬૮ ટકા જેટલું મતદાન થયુ હતુ. મતદાન અંગે માહિતી આપતા ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવાલે કહ્યુ હતુ કે સૌથી વધુ અંદાજે ૭૬ ટકા જેટલુ મતદાન તાપી જિલ્લામાં થયુ છે જ્યારે સૌથી ઓછુ મતદાન ૬૩ ટકા જામનગરમાં થયુ છે. કરવલે જુદા જુદા જિલ્લાઓમાં ક્યાં કેટલું મતદાન થયુ તેના આંકડા સત્તાવાર રીતે આપ્યા હતા.

| જિલ્લો | મતદાન ટકામાં |
|---|---|
| અમદાવાદ | ૬૬.૮ |
| રાજકોટ | ૬૮.૮ |
| ભાવનગર | ૬૮ |
| જામનગર | ૬૩ |
| પોરબંદર | ૬૩.૫ |
| જૂનાગઢ | ૬૭ |
| અમરેલી | ૬૫.૬ |
| નર્મદા | ૭૧.૮ |
| ભરૂચ | ૬૭.૫ |
| સુરત | ૬૪ |
| ડાંગ | ૬૬ |
| નવસારી | ૭૨ |
| વલસાડ | ૬૭ |
| તાપી | ૭૬ |
| સુરેન્દ્રનગર | ૬૮ |

## સોનિયા ગાંધીની આજે કલોલમાં સભા યોજાશે

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીના પ્રચારાર્થે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધી આવતીકાલ તા. ૧૪મીને શુક્રવારે ગુજરાત આવી રહ્યા છે. સોનિયા ગાંધી આવતીકાલ શુક્રવારે સવારે ૯.૦૦ વાગ્યે ગાંધીનગર જિલ્લાના કલોલમાં ઓરાક્રોસીંગ પાસે પાનસર રોડ ખાતે જાહેરસભાને સંબોધશે.

પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ સોનિયા ગાંધી કલોલમાં જાહેરસભાને સંબોધ્યા બાદ આવતીકાલે શુક્રવારે અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવનની મુલાકાત લેશે જ્યાં કોંગ્રેસના ઘરના ઘરની યોજનાના સેમ્પલ હાઉસનું નિરીક્ષણ કરશે. સોનિયા ગાંધીને પ્રદેશ કાર્યાલય ખાતે આવકારવા માટે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા તથા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ સહિત અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

# પાટણની ચારે બેઠકો પર ખરાખરીનો જંગ

### પાટણમાં કોંગ્રેસ-ભાજપ અને જી.પી.પી. વચ્ચે ત્રિપાંખીયો જંગ છે : જયારે ચાણસ્મા, રાધનપુર અને સિધ્ધપુરમાં સીધો જંગ ખેલાશે

પાટણ, તા. ૧૩

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં નવા સિમાંકન મુજબ વિધાનસભાની ચાર બેઠકો રાધનપુર, ચાણસ્મા, પાટણ અને સિધ્ધપુરમાં કુલ ૪૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યાં છે. જેમાં પાટણ વિધાનસભા સીટ પર પંદર ઉમેદવારો, સિધ્ધપુરમાં દશ, ચાણસ્મામાં નવ અને રાધનપુરમાં દશ ઉમેદવારો ચૂંટણી જીતવા માટે થનગની રહ્યાં છે. પાટણ જિલ્લાની ઉપરોક્ત ચાર બેઠકો પર વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઇ રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ, ગુજરાત પરિવર્તન પાર્ટી, અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારો તથા અપક્ષ ઉમેદવારો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર અર્થે સભાઓ દ્વારા તથા જ્ઞાતિ આધારિત મતદારોનો સંપર્ક સાધીને પોતાને વિજય બનાવવા માટે વિનંતી કરી રહ્યા છે. પાટણ જિલ્લામાં નવા સિમાંકન મુજબ કુલ ૮,૮૭,૩૩૯ મતદારો નોંધાયેલ છે. જેઓ આગામી તા. ૧૭મી ડિસેમ્બરના રોજ પોતાનાં મત આપશે. જિલ્લામાં વધુને વધુ મતદાન થાય તે માટે લોકોમાં જાગૃતિ માટેના પણ પ્રયાસો કરવામાં આવ્યા છે. ભાજપના ગઢ સમાન ઉપરોક્ત ચારેય બેઠકો પર ચૂંટણીનો ગરમાવો દેખાવા માંડ્યો છે. અગાઉ જિલ્લાની કુલ ૬ વિધાનસભાની બેઠકો હતી. તેમાં નવા સિમાંકન મુજબ ચાર બેઠકો અસ્તિત્વમાં આવી છે. વધુ મતદારો ઠાકોર, ક્ષત્રિય, સમાજનાં છે. જયારે બીજા સ્થાને પટેલ મતદારો છે. જેથી તમામ ચાર બેઠકો પર ઠાકોર જ્ઞાતિનાં મતદારોનું પ્રભુત્વ હોઇ તેઓ ચૂંટણીમાં નિર્ણાયક બની રહેશે તે નક્કી છે. પાટણ જિલ્લામાં કુલ મતદારોમાં ૨,૪૨,૫૨૮ મતદારો ઠાકોર જ્ઞાતિના છે. જેમાં રાધનપુર વિધાનસભા મત વિભાગમાં કુલ ૨,૧૦,૨૫૭ મતદારોમાંથી ૬૫,૪૯૪ મતદારો ઠાકોર છે. ચાણસ્મા વિધાનસભા સીટમાં કુલ ૨૨,૪૪૭ મતદારોમાં ઠાકોર મતદારો ૬૫,૨૩૨ છે. પાટણ વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૨,૨૫,૪૪૬ મતદારોમાં ૫૬૬૯૧ મતદારો ઠાકોર જ્ઞાતિ છે. જયારે સિધ્ધપુર મત વિસ્તારમાં કુલ ૨,૦૩,૮૬૬ માંથી અંદાજે એક લાખ ઉપરાંત મતો ઠાકોર ક્ષત્રિય સમાજનાં છે.

પાટણ જિલ્લાની ૧૬, રાધનપુર વિધાનસભા મત વિભાગમાં ભાજપ, કોંગ્રેસ, બહુજન સમાજ, સમાજવાદી, ગુજરાત પરિવર્તન પાર્ટી, લોકજનશક્તિ પાર્ટીના ઉમેદવારો તથા ચાર અપક્ષો મળી કુલ છ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે. ભાજપે નાગરજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે તો કોંગ્રેસે ભાવસિંહ રાઠોડને સંપર્ક કર્યો છે. જયારે જી.પી.પી. ઉમેદવાર ચૌધરી છે. આ ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે. બેઠક પરના વર્તમાન ભાજપના ધારાસભ્ય શંકરભાઇ ચૌધરી. બનાસકાંઠા જિલ્લાની વાવ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે. આ બેઠક પરનાં કોંગ્રેસના ઉમેદવાર ભાવસિંહ રાઠોડ ૨૦૦૭ની સાલમાં જૂની સમી હારીજની બેઠક પર ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. આ બેઠક પર ઠાકોર મતદારોનું પ્રભુત્વ છે. ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવારો ક્ષત્રિય સમાજમાં છે. જેથી ઠાકોર મતોનું વિભાજન થવાની શક્યતા છે. જેથી અન્ય સમાયેલા મત નિર્ણાયક બનશે તેમ જણાય છે. આ મત વિભાગમાં ૧,૧૫,૨૧૩ પુરૂષ અને ૧,૦૪,૨૯૧ સ્ત્રી મળી કુલ ૨,૧૯૫૦ મતદારો છે.

જિલ્લાની ૧૭ - ચાણસ્મા વિધાનસભા સીટ પર ભાજપ, કોંગ્રેસ, લઘુમતિ સમાજ, સમાજવાદી પાર્ટી તેમજ પાંચ અપક્ષો મળી કુલ નવ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાય છે. ભાજપે સમી-હારિજ વિભાગમાં પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ મંત્રી દિલીપસિંહ ઠાકોરને ટિકીટ આપી છે. જયારે કોંગ્રેસ દિનેશજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે આ વિસ્તારનાં પૂર્વ મંત્રી અરવિંદભાઇ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ પાછળથી અચાનક કોણ જાણએ કેમ ઉમેદવારી પરત ખેંચી જેથી અહીં ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની સીધી ટક્કર છે. ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવારો ઠાકોર હોઇ ઠાકોર જ્ઞાતિના મતો વહેંચાઇ જશે. એટલે પાટીદાર મતો અહીં નિર્ણાયક બનશે. આ વિધાનસભા મત ક્ષેત્રમાં ૧,૧૯,૦૧૩ પુરૂષ અને ૧,૦૭૫૯૮ સ્ત્રી મળી કુલ ૨,૨૬,૬૧૧ મતદારોની સંખ્યા છે.

૧૮ - પાટણ વિધાનસભા બેઠક પર ભાજપ, કોંગ્રેસ, બહુજન સમાજ, લોકજનશક્તિ, સમાજવાદી, વિશ્વ હિન્દુસ્તાની સંગઠન, ગુજરાત પરિવર્તન પાર્ટી અને આઠ અપક્ષો મળી કુલ ૧૫ ઉમેદવારો ચૂંટણી જંગમા છે. ભાજપે રણછોડભાઇ રબારીને ટિકીટ આપી મેદાનમાં ઉતાર્યા છે. તો કોંગ્રેસ જૂની વાગડોટ સીટના ધારાસભ્ય મેધાજી ઠાકોરને રિપીટ કરી છે. ઠાકોર, રબારી અને પટેલ સમાજના ટાણ આગેવાનો અહીં ચૂંટણીમાં ઉભા રહ્યાં છે. વાગડોટ બેઠક નવા સિમાંકનમાં રદ થતાં તેનાં વિસ્તારો પાટણ અને સિધ્ધપુરમાં ભળી ગયા છે. એટલે ૨૦૦૭માં આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે વિજય થયેલ રાજયના મહેસુલમંત્રી આનંદીબેન પટેલે અમદાવાદમાં ઉમેદવારી નોંધાવી છે. અહીં જે ઉમેદવાર પાટીદાર મતો વધુ ખેંચશે તેને ચૂંટણીમાં ફાયદો થવાની શક્યતા છે. આ બેઠક પર ૧,૨૦,૪૪૧ પુરૂષ અને ૧,૧૦,૨૯૭ સ્ત્રીઓ છે.

જયારે ૧૯ - સિધ્ધપુર વિધાનસભા બેઠક પર કુલ ૧૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, જેમાં ભાજપનાં વર્તમાન ધારાસભ્ય અને મંત્રી જયનારાયણભાઇ વ્યાસ, કોંગ્રેસના ઉમેદવાર તરીકે પૂર્વ ધારાસભ્ય બલવંતસિંહા રાજપૂતમાં ઉતાર્યા છે. જયારે ગુજરાત પરિવર્તન પાર્ટી તરફથી વશરામભાઇ પટેલ ચૂંટણી લડી રહ્યાં છે. આ ઉપરાંત બહુજન સમાજ, સમાજવાદી પાર્ટીનાં ઉમેદવારો નવા પાંચ અપક્ષ ઉમેદવારો ચૂંટણી લડે છે. પાછલી ૨૦૦૭ની ચૂંટણીમાં જયનારાયાણ વ્યાસને ટેકો આપનાર ઊંઝા તાલુકાનાં કેટલાક ગામો સિધ્ધપુર વિધાનસભા મત વિભાગમાંથી ઊંઝા મત વિભાગમાં આવી ગયા છે. જેથી નવા સિમાંકનથી અહીં ભાજપના ઉમેદવારને અસર પડશે. અહીં ઠાકોર ક્ષત્રિય મતદારોની સંખ્યા સૌથી વધુ છે. જેનો લાભ કોંગ્રેસને મલે તેવી સંભાવના છે. આ બેઠક પર ૧,૦૮,૩૫૯ પુરૂષ અને ૧,૦૦,૧૬૭ સ્ત્રી મતદારો મળી કુલ ૨,૦૮,૫૨૬ મતદારો છે.